

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

મૂષકો ના કૂદકાનું કારણ મોટી નોટ હતી!
બે નંબરી નાણાની, ચૂંટણીમાં મોટી દોટ હતી!
મોટી ભોટ હતી પ્રજા, નોટ માટે વેચાઈ જતી'તી -
નાણાના નાગને નાથનારની મોટી ખોટ હતી!

હાઈકુ

મર્યા પંખીઓ!
કોણ જાણે કેટલાં?!
એક કાંકરે...

ને સૂકાં ભેગાં -
લીલાંછમ નિર્દોષ -
સળગી ગયાં...

(હવાલા, ખોટી નોટો, બે નંબરી)(મધ્યમ નો મરો)

### ચિંતન

**શત્રુઃ અપિ સુગુણો ગ્રાહ્યઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

શત્રુના પણ સદ્‌ગુણ સ્વીકારવા જોઈએ. શત્રુનો વિરોધ કરવો એ મનુષ્યની નૈતિક ફરજ છે. પમ જો એના ગુણોનો આદર કરવાનો અવસર સાંપડે તો. પોતાની ગુણગ્રાહીતાનો પરિચય આપી. એની સાથે યોગ્ય વર્તાવ કરવો જોઈએ.

શત્રુ જ્ઞાની-વિદ્વાન-ધર્મજ્ઞ હોય તો તેનો આદર કરી તેનું માન-સન્માન કરવું જોઈએ. રાવણ 'રામનો શત્રુ હતો' પણ વિદ્વાન ઋષિકુળમાં જન્મેલો બ્રાહ્મણ હતો. યુદ્ધની શરુઆતમાં રામે રાવણના ચરણમાં બાણ બારી પ્રણામ કર્યા.

રાવણ સામે યુદ્ધ કરતાં પહેલાં પિતાનું શ્રાદ્ધ કરવા રાવણને જ ઉત્તરક્રિયા માટે બ્રાહ્મણ તરીકે બોલાવ્યો હતો. રામેશ્વર મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા-સ્થાપના માટે પણ રાવણને બોલાવ્યો હતો.

શત્રુના જ્ઞાનની વંદના કરવી જોઈએ.

### સુવિચાર

- સમડીને ઉડવાની ઝડપ જોઈને ચકલી ક્યારેય ડીપ્રેશનમાં નથી આવતી - **મુંબઈ સમાચાર**
- ભણેલા અને અભણ વચ્ચેનો મોટો તફાવત કયો? અભણ એકબીજાને નામેથી બોલાવે... અને ભણેલા એકબીજાને કામથી બોલાવે... - **એસ. ભટ્ટાચાર્ય**
- આળસ એટલે નસીબને લાગેલો લકવો - **સિસેરો**
- આપણે પોતે આચરેલા પાપ આપણને નાના લાગે છે, પણ જે બીજા કરે તે પાપ આપણને મોટા લાગે છે. આ પાપની ખૂબી છે - **સંત રોબિન**
- પ્રેમ, યુદ્ધ અને ક્રાંતિમાં માત્ર અસરકારક વિચારો જ જીતે છે - **પાબ્લો નેરૂદા**
- કીર્તિ આવે છે ત્યારે સ્મૃતિ અદૃશ્ય બની જાય છે - **શેખ સાદી**
- દુર્જન અને સર્પમાં સર્પ કંઈક સારો છે, દુર્જન નહિં, કારણ કે સર્પ કોઈક સમયે જ ડસે છે, પરંતુ દુર્જન તો ડગલે ને પગલે દુઃખ આપે છે - **ચાણક્ય**
- આજનું ઔષધ : સાકર અને ઘી સાથે જીરાનું ચૂર્ણ ચાટવાથી રતાંધણાપણામાં તરફ ફેર પડે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ધન-દોલતનું દાન સાચું દાન નથી - એ ખલાસ થઈ જાય, પછી પાછા એવા ને એવા - ઉલ્ટું 'માગવા'ની વૃત્તિ વધે એ એનો ગેરલાભ.

પેશ્વાના દરબારમાં એક યુવાન બ્રાહ્મણ આવ્યો. પેશ્વાએ પૂછ્યું, બોલો બ્રહ્મદેવ તમારી શું સેવા કરું?

બ્રાહ્મણ કહે મને ધન-દોલતની જરુર નથી એ સાચું દાન નથી. પેશ્વા કહે તો તમે જ કહો સાચું દાન કોને કહેવાય?

બ્રાહ્મણ કહે 'વિદ્યાદાન' એ સાચું દાન છે મારે આગળ ઉચ્ચ અભ્યાસ કરવો છે મારા અભ્યાસની આપ સરકાર જવાબદારી ઉઠાવો!

પેશ્વા ખૂશ થયા અને બ્રાહ્મને ભણાવવાનું સ્વીકાર્યું. આગળ જતાં આ બ્રાહ્મ વિદ્યાર્થી મોટા અને સાચા 'ન્યાયાધીશ' થયા. અને એમણે પણ કેટલાય ગરીબ વિદ્યારથીઓને અભ્યાસમાં મદદ કરી.

# રેલતંત્રને નખશિખ સુધારવાની જરૂર

**તંત્રીસ્થાનેથી...**

જે દેશનો વસતિ વધારો દુનિયાનો વિક્રમ ગણાય છે અને આગામી થોડાક જ દાયકા દરમિયાન જે વિશ્વની સૌથી મોટી જનસંખ્યાવાળા દેશ તરીકે ચીનથી પણ આગળ નીકળી જવા કૃતસંકલ્પ છે, એમાં માનવીની જિંદગીની કિંમત કેટલી? અવારનવાર થતાં અકુદરતી મોત અને માનવ સર્જિત હોનારતો ભારતનો આમ આદમી એની જન્મકુંડળીમાં લખાવીને જ આવે છે. વાતો તો આપણે વિશ્વની મહાસત્તા બનવાની કરતા રહીએ છીએ, આપણા વડાપ્રધાન દુનિયાના ખૂણે ખૂણે ફરીને ભારતની અસ્મિતાનાં ગુણગાન કરતા રહે છે તથા બધાને 'મેક ઈન ઈન્ડિયા' પ્રોગ્રામમાં સામેલ થવા ઈજન પાઠવતા રહે છે. ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટેની એમની ઝુંબેશથી પ્રજાને કેટલી હાલાકી વેઠવી પડી રહી છે તે સર્વવિદિત છે. તેમ છતાં પ્રજાએ એમના આવા આંચકારૂપ પગલાંને મહદંશે આવકારવાનો જ અભિગમ દાખવ્યો છે. પરંતુ હજી બેંકો આગળની લાઈનો બંધ થાય તે પહેલાં જ પટણા-ઈંદોર એક્સપ્રેસ ટ્રેનને નડેલા અકસ્માતમાં એક જ ધડાકે સવાસોથી વદુ નાગરિકોએ જીવ ગુમાવ્યો છે અને એથી વધુ ઘાયલ થયા છે, એ શું દર્શાવે છે? જાપાન અને ચીન જઈ બુલેટ ટ્રેનો દેશી રેલવે ટ્રેક પર દોડાવવાના મહત્ત્વાકાંક્ષી સપનાં જોનારા વડાપ્રધાન પોતે સામાન્ય પરિવારનું ફરજંદ છે અને હમણાં થોડા જ દિવસ અગાઉ રેલવે કર્મચારીઓ સાથેની સભામાં ગદ્‌ગદ થઈને બોલ્યા હતા કે મારું બાળપણ રેલવે ટ્રેક પર વીત્યું છે એટલે રેલવે કર્મચારીઓને વધુમાં વધુ સુવિધાપૂર્ણ જિંદગી ઉપલબ્ધ કરાવવાની મારી નેમ છે. પરંતુ ભારતીય રેલવે પોતે જ એમની ક્રૂર મશ્કરી કરતી હોય એમ આ કાળોતરી આવી ગઈ. આવી દુર્ઘટનાઓ સતત ઘટતી રહે છે. લાલબહાદુર શાસ્ત્રીએ આવી જ એક દર્ઘટનાના પગલે રેલમંત્રી તરીકે રાજીનામું ધરી દઈ દાખલો બેસાડવાનો પ્રયાસ કરેલો, પરંતુ રેલમંત્રીના રાજીનામાથી રેલતંત્ર થોડું સુધરી જાય? અકસ્માતો થતા જ રહે છે, તેની પાછળ ભાંગફોડથી લઈ રેલવે કર્મચારીઓ, ડ્રાઈવર વગેરેની નઘરોળ બેદરકારી ઉપરાંત આપણી 'જે થવાનું લખ્યું હોય તે થઈને જ રહે -' જેવી નકારાત્મક અને નિરાશાજનક માનસિકતા જવાબદાર છે. આવા અકસ્માતો જાપાનમાં કેમ નથી થતા? ત્યાં તો દર આંતરા દિવસે ધરતીકંપ અને સુનામી જેવી કુદરતી આફતો આવતી રહે છે, છતાં કલાકના સાડા ત્રણસો કિ.મી.ની ઝડપે ટ્રેનો દોડતી રહે છે. શું ટેકનોલોજીમાં ભારત એટલું બધું પછાત છે? જો એમ જ હોય તો એ જ ભારતને મંગળ પર મંગળયાન ઉતારી નવી ૨૦૦૦ રૂપિયાની નોટ પર એનું ચિત્ર છાપી ગૌરવ લેવાનો અધિકાર ખરો? આવા અકસ્માતો પછી મસમોટાં વળતર આપી - અપાવી એ આઘાતને વીસરી જવાની માનસિકતા પણ ખતરનાક છે. આવા થાબડભાણાં કરતાં ટ્રેક ફ્રેક્ચર કે ભાંગભોડ અટકાવવાનાં, રેલવે સુરક્ષા સુનિશ્ચિત કરાવવામાં પગલાં વધુ મહત્ત્વનાં લેખાવાં જોઈએ. કમનસીબે આપણી સરકાર, રેલતંત્ર કે સમાજ - કોઈને પણ આવા મુદ્દાઓ પરત્વે ગંભીરતા દાખવવાનું સૂઝતું નથી. રેલવેના પાટાઓ પર બાળપણ પસાર કરનારા વડાપ્રધાને હવે આ મુદ્દે જરા વધુ ધ્યાન આપવાની જરૂર છે તેવું નથી લાગતું? ફક્ત રેલબજેટ કેન્સલ કરી એને એક સામાન્ય વિભાગ બનાવી દેવાથી પ્રશ્નો હલ થઈ શકશે ખરા? સુરેશ પ્રભુ જેવા પ્રમાણમાં વિચારશીલ રેલવેમંત્રીએ આ અકસ્માત પછી પ્રાયશ્ચિત કરવાની જરૂર છે, એવું નથી લાગતું? શું તેઓને લાલુ યાદવ કે મમતા બેનરજી કરતાં વધુ સારા રેલમંત્રી ગણી શકાય?

# મારા આ વૈશ્વિક આકાશમાં હું તને ચાહીશ, ત્યારે પણ કે જયારે તું ત્યાં નહીં હોય

**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર



"આ સ્વપ્નાવસ્થામાંથી
બહાર આવું છું ત્યારે....
મને થાય
આપણે જીવનમાં વૃક્ષો
જેટલા સહજ છીએ !!
ખીલવું અને ખરવું
અનાદિકાળથી ચાલે છે
એવું સહજ જ્ઞાન
હૃદયમાં
રકતબની વહે
છતાં પણ
તને હું જંખ્યા કરું છું.
ઉત્કટ પ્રેમ કરવા
સતત અને હંમેશ કેમ કે.... તે
આસ્વાદેલા
રંગોની ભીનાશ અને સુવાસ
હજુમેં ધારણ કરી છે ભીતર"

**( હાર્દિક બ્રહ્મભટ્ટ)**



નવાં ઊગતા-નવોદિતોમાં કાંઈ ઝાઝૂઉકળે તેમ હોતુ નથી. - એવું કહેવાતા-બની બેઠેલાં કેટલાંક સાહિત્યકારોનવાં સર્જકો વિશે કહેતાં હોય છે. પરંતુજો હેતુપૂર્વક ચઢાવેલાંચશ્મા ઉતારીને જોવામાં આવે તોજુદું જ ચિત્ર ઉપસી આવતું હોય છે.

હાર્દિક બ્રહ્મભટ્ટએક નવોદિત છતાં અછાંદસમાં ઉગતું નામ છે.

કાવ્યમાં વાર્તાનું એક ટચૂકડું મીંજ છે : એકબીજાના અગાધ અને ઉન્નત સંબંધમાં રત ને હંફિત સ્ત્રી-પુરુષ જીવન સર્જવાની ઉભયની અભિલાષાને પોતપોતાના ભીતરેથી જુએ છે. તેઓ બન્ને એના લયો, વલયો અને આલયોને પોતાનામાં ઘુંટાતા, છટપટતાં, નર્તતા કે સરકતાં અનુભવે છે. આ મનો સંવાદ નથી પરંતુ સત્ત્વ સંવાદ છે.

શ્રી મહેન્દ્ર ચોટલિયા લખે છે કે - "શુધ્ધ કવિતાનો માનદંડ એ છે કે કવિતાનો સાર કહી શકાય નહીં." કવિ હાર્દિક બ્રહ્મભટ્ટઅને ચિત્રકાર જિજ્ઞેશ બ્રહ્મભટ્ટના સહિયારા પ્રયત્નો અહીં સફળ થયેલા જણાય છે. સર્જનના લયોની ભીતરે અને હસ્તિનાપુરબન્ને કાવ્ય સંગ્રહો હાર્દિક બ્રહ્મભટ્ટે રજૂ કર્યા છે.

'મારા આ વૈશ્વિક આકાશમાં હું તને ચાહીશ, ત્યારે પણ કે જયારે તું ત્યાં નહીં હોય'. ચાહવું એ જ હોવું છે એના માટે : તને હું જંખ્યા કરું છું ઉત્કટ પ્રેમ કરવા, સતત અને હંમેશા. આવા ઉત્કટ પ્રણયભાવમાં જ સાક્ષાત્કાર થાય છે. એટલે જ સ્તો "મારી ભીતર પ્રસરવું ને પછી વિકસવું ગમે છે. એને તે પોતાને અને પ્રિયતમને એક બિંદુ પર એકાકાર કરી દે છે. તારા અને મારા જન્મ પામ્યાની મધુરતા છલકાશે આપણા અસ્તિત્વના ઉદ્‌ગમેથી".

અછાંદસ કવિતાની અદ્‌ભૂત મોજ માણવા મળે છે. કાવ્યની સાથે ચિત્રોનો સમન્વય કાવ્યમાં નીખાર લાવે છે. કાવ્યના શબ્દોથી ચિત્રો ખીલે છે કે ચિત્રોથી કાવ્ય ઉત્કૃષ્ઠ બન્યું છે. તે કળવું મુશ્કેલ છે. એ જે હોય તે પણ કવિતા વાંચતા ભાવક રસતરબોળ બનીને પોતાના મનોજગતમાં મ્હાલે છે, વિસ્તરે છે અને ડૂબે છે.

મિસરી

**જન્મ-મૃત્યુના દ્વંદ્વથી ગૂંથુ છું**
**તારા સ્મિતને**
**સંવેદનાનું પરોઢ બનાવવા**
**પ્રકૃતિની ટોચેથી**

**('સર્જનના લયોની ભીતરે'- કવિ : હાર્દિક બ્રહ્મભટ્ટ પાન નં. ૫૯)**

# આઘાય ખસી જઈએ, સામાય ધસી જઈએ, મળે જો ક્ષણ તો ક્ષણમાંય વસી જઈએ

**વિચારયાત્રા**
ડૉ. જય ઓઝા



આજે મનમાં જરાક અશાંતિ છે, ગ્લાનિ છે શું કરું? સામે થઉં? પ્રયત્ન કરીને મનને ઉદાસીનતામાંથી બહાર કાઢું, પરાણે હસતો ફરું, દુઃખ ખરાબ વસ્તુ, હેરાન છે, નીરસ બનાવે છે, આનો ઉપાય શોધું? આળશ આવે છે, ત્યારે મહેનત કરીને એને હરાવી શકું છું. ગુસ્સો હોય ત્યારે સંયમથી એને દબાવી શકું, ઉદાસ હોઉ ત્યારે આનંદિત બનીને તેને હરાવી શકું કે નહિં?

પણ આજે એમ નથી કરવું. આજે તો જે પરિસ્થિતિ છે તેનો સામનો કરવો છે, જેવો છું તેવો જ સ્વીકાર, ગંભીર તો ગંભીર અને ઉદાસ તો ઉદાસ. આજે મૂડ નથી તો મૂડ નથી, આજે હું એની સામે થવાનો નથી. જે છે તે છે, થાય આવું, મન અને હૃદય બંનેના સિગ્નલ જયારે મેચ ન થાય ત્યારે આવી વિચિત્ર મૂંઝવણ અનુભવાય.

મન અને હૃદય તથા બુદ્ધિ અને લાગણી વચ્ચે તો તુમુલ યુદ્ધ આજીવન ચાલ્યા જ કરવાનું. આજે મનને ઉદાસ રહેવું છે. ઓ.કે. ઉદાસ રહેવા માટે એને છૂટ છે. હું પણ જોઉ તો ખરો કે આવી પરિસ્થિતિમાં શું શું થઈ શકે છે? તેની નોંધ લઈને જે જે ફેરફાર થાય તે નીરખતા જશું. પણ એમાં આજે દખલ કરવી નથી.

મનની કોઈ વૃત્તિ હોય અને એનો તમે વિરોધ કરો એટલે એ પ્રબળ વેગથી સામે ધસી આવે. એ હકીકત છે, ચિંતા ન કરવાનું કહીએ તેમ વધારે ચિંતા થાય મનનો વિરોધ કરો એટલે વધારે સક્રિય થઈને પ્રવૃત્ત થવાનું, મન જક્કી છે. એ રોકાયું રોકાતું નથી. નાનું બાળક જયારે રડતું હોય અને આપણે તેને રમાડવા જઈએ તો તે વધારે રડે, હાથ-પગ પછાડે. બાળકનો સ્વભાવ જિદ્દી છે. મન પણ બાળક જેવું છે, જિદ્દી છે. મન વિફરે અને તેને મનાવવા જઈએ તો વધારે બગડે, 'બોલાવે આડુ જોવે.'

**મનને ન સમજાવો કે એ સમજતું હોય છે,**
**આ સમજ અને આ અણસમજ એ ખુદ સમજતું હોય છે.**
**- રાજેન્દ્ર શુક્લ**

આથી આજે આ બાળકને ફાવે તેમ રહેવા દેવાનું નક્કી કર્યું. આજે એને છૂટ છે, ઉદાસ રહેવું હોય તો ખુશીથી રહે, આપણો સહકાર છે. આજે એને મનાવવાનું નહીં ને સમજાવવાનું નહિ, જેમ રહેવું હોય તેમ રહેવા દઈશું.

નદીમાં વહેણની સામે તરવું વ્યર્થ છે. થાકી જવાય, હારી જવાય, ડૂબી જવાય, અનુભવી તરવૈયો વહેણની સાથે જ ધીરે ધીરે તરે છે, સહેજ આગળ વધે સહેજ તણાઈ જાય, થોડો હાથ મારે ને થોડું ઢીલું મૂકે, અને છેવટે વહેણના સાથથી જ સામે કાંઠે પહોંચે, તો એ જ રીતે મનના વહેણની સાથે તરીએ. જે રસ્તે લઈ જાય ત્યાં જઈએ. નવા સ્થાન, અનુભવ પડાવ જોઈએ - જાણીએ. સામે થઈશું તો ફોગટ જ થાકી જઈશું. છેવટે હારી જઈશું. બાકી ઉદાસીને દૂર ભગાવવાના જે જે ઉપાય કરશું તે વ્યર્થ જ જવાના ! પિકચર જોવા જાવ, ફરવા નીકળો, સ્થળ બદલશો, લોકો બદલશો, પણ તમે તમારાથી ભાગીને કયાં જવાના ? તમારો રવૈયો નથી બદલો ત્યાં સુધી બધું નકામું.

વાસ્તવમાં સુખ, દુઃખ અને આનંદ આ ત્રણ વસ્તુ ભિન્ન છે. 'કૃષ્ણ મેરી દૃષ્ટિ મેં' પુસ્તકમાં રજનીશજીએ સરસ વાત છે. દુઃખ અને સુખ બંને સાર્થક નથી, આનંદને વિભાજીત કરીને તેને ઉત્પન્ન કરવામાં આવ્યા છે. જે આનંદનો તમે સ્વીકાર કરો છો તેને સુખ કહો છો તેને સુખ કહો છો અને જે આનંદનો તમે સ્વીકાર નથી કરતા તેને તમે દુઃખ કહો છો. આનંદ સત્ય છે સુખનું વિરોધી દુઃખ છે, પ્રેમનું વિરોધી ધૃણા છે. બંધનનું વિરોધી મુક્તિ છે. આનંદનો વિરોધી શબ્દ કોઈ નથી, આનંદથી ઊલટી અવસ્થા જ નથી.

સુંદર વાત છે ને! મતલબ કે આનંદનો અર્થ એ નથી કે સુખ જ સુખ આવતા રહેશે, પણ આનંદ એટલે જે કંઈ પણ આવે તેને સુખ જ સુખ સમજીએ. વાત થોડી અઘરી છે, મુશ્કેલ છે, અશક્ય નથી અને આથી જ આજે મનને જે કરવું હોય તે કરવા દેવાની છૂટ આપી દીધી છે.

**આઘાય ખસી જઈએ, સામાય ધસી જઈએ**
**મળે જો ક્ષણ તો ક્ષણમાંય વસી જઈએ.**
**- રાજેન્દ્ર શુક્લ**

આઘાત અને ઉદાસી સર્જનાત્મકતા પણ લાગી શકે છે શ્રી બર્નાડ શોનું કહેવું છે કે -

'પ્રસંગોપાત આઘાત લાગે એટલું જ પૂરતું નથી, પરંતુ સમાજની પ્રગતિ માટે એ ખૂબ જ અનિવાર્ય છે કે લોકોને અવારનવાર આઘાત લાગ્યા કરે.'

અત્યારે મનને મજા નથી. ઓલરાઈટ એના ઉપર કોઈ દબાણ કરવું નથી, ફરજ પાડવી નથી. એની પ્રકૃતિ એ જાણે, અને ખૂબી એ છે કે જયારે મનને એવી છૂટ આપી, એના ઉપર એવો વિશ્વાસ કરીએ, ત્યારે એની માંદગી જલદી દૂર થાય છે. મને સમજાવવાવાળું કોઈ નથી એમ જાણી પોતાની જવાબદારી સમજે છે, પોતાની મેળે ઊભી થાય છે.

અખતરામાં ખતરા રહેલા છે એ હું જાણું છું પરંતુ આ અખતરો કે ખતરો કરી તો જોઉં.

આજે તો ઉદાસી સાથે બેસી ચા-પાણી કરીએ, જોઈએ તો ખરા શું થાય છે?

**તરફરાટ એટલે?**
**તમે કહેશો**
**જલ બહાર આણેલા**
**કોઈ મીનને પૂછી જુઓ!**
**પણ**
**ઘૂઘવતા ઉદધિની ભીતર**
**જે કોરુ કોરુ તરફડે**
**એને તમે શું કહેશો ?**

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# શંકર જયકિશનના સંગીતના દીવાના શ્રોતાઓ દેશ-વિદેશમાં છે

**અજવાળું - અજવાળું**
તુષાર જોશી



'૬ કલાકનો કાર્યક્રમ ?'
'બે ઈન્ટરવલ અને ડીનર-સ્નેક્સ સાથે ?'
'જો જો જરા, ઓડિયન્સ નહિ બેસે...'

આ અને આવા અનેક અનુભવી વિધાનો કાર્યક્રમો સાથો સંકળાયેલા લોકોના જેમ જેમ ચિરા પટેલ - સ્નેહલ પટેલ અને સંજય કંથારિયા તથા શંકર જયકિશન ફાઉન્ડેશનના કાર્યવાહકો સાંભળતા ગયા તેમ તેમ એમનો કાર્યક્રમની સફળતા માટેનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થતો ગયો.

અમદાવાદમાં તાજેતરમાં આ સંસ્થાનો શંકર-જયકિશન ટાઈમલેસ કલાસિક સિરીઝનો સિલ્વર જ્યુબિલી શૉ યોજાયો જેમાં ૬૦થી વધુ વાદ્યકારો - ૧૪ ગાયકો - ૨૨ કોરસ ગાનારા કલાકારો - ૫ કાર્યક્રમ સંચાલકો અને ૨૩૦૦ નું ઓડિયન્સ હતું. જેણે ૪૦ ગીતો સાંભળ્યા... સાંજે પાંચ વાગે ઘરેથી નીકળેલો શ્રોતા ૬ કલાકનો અદ્‌ભૂત કાર્યક્રમ માણીને રાત્રે બે વાગે પહોંચ્યો... આયોજકો ઓડિયન્સને અને શંકર-જયકિશનના સર્જકને સલામ કરે છે.

હૈદરાબાદથી આવેલા શંકર અને વાંસદા-ગુજરાતથી આવેલા ગુજરાતી જયકિશન મુંબઈમાં મળે છે અને ત્યાંથી આરંભાય છે હિન્દી સિનેમા સંગીતના સૂવર્ણપૃષ્ઠનું એક પાનું.

ફિલ્મ 'બરસાત'ના નિર્માણ પહેલા ૧૯૪૭-૪૮માં પૃથ્વીરાજ કપૂર તેમના નાટકો લઈને અમદાવાદ આવ્યા હતા. પુરુષોત્તમ મિલના કંપાઉન્ડમાં નાટકો ભજવાતા. શંકર અને જયકિશન સાજીંદા તરીકે કામ કરતા. તેમાં રાજકપૂર અને પ્રેમનાથ પણ તેમાં હતા. સાઈકલ લઈને અમદાવાદમાં નીકળી પડતા. એક રાત્રે ખુબ વરસાદ પડ્યો, શંકર-જયકિશન અને રાજકપૂર વરસાદથી બચવા પલંગ નીચે ભરાયા હતા. મસ્તી કરતા હતા. અચાનક શંકર-જયકિશને તપેલી અને ખાલી ડબ્બો લીધો, ફિલ્મ બરસાત માટે નક્કી કરેલું અને રાજકપુરે તેમને સંભળાવેલું ગીત ગાતા ગાતા તાક ધીના ધીન કરવા માંડ્યું... જોહરી રાજકપુરને વિચાર આવ્યો કે આ બંનેને જ બરસાતનું સંગીત આપું તો કાણ થઈ જાય... અને હિન્દી સિનેમાના પૃષ્ઠો પર સ્વર્ણિમ નામ કોતરાયું ફિલ્મ બરસાતથી સંગીતકાર શંકર-જયકિશનનું.

હિન્દી સિનેમા સંગીતમાં પહેલી જ ફિલ્મથી છવાઈ ગયા હોય અને પછી અઢી દાયકા સુધી સાતત્યપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી હોય એવા એ પ્રથમ સંગીતકાર રહ્યા છે.

એમના આગમન પહેલાંનું સંગીત અને એમનું સંગીત આ બંનેમાં આભ-જમીનનું અંતર રહ્યું, એવો પાયાનો ફેરફાર તેઓ પોતાની સૂઝ-સાદગી અને મધુરતાથી લાવ્યા સિનેસંગીતમાં. કરોડો સંગીતપ્રેમીઓના હૃદય પર સંગીત સર્જન દ્વારા શંકર-જયકિશન રાજ કરતા હતા - કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. શંકર જયકિશનના સંગીત પ્રત્યેના લગાવ સાથે શરુ થયેલા શંકર જયકિશન ફાઉન્ડેશન - અમદાવાદ દ્વારા અમદાવાદ અને અન્ય શહેરોમાં ટાઈમલેસ કલાસિક સિરીઝ હેઠળ ૨૫ કાર્યક્રમો વિવિધ થીમ હેઠળ થયા છે. સંસ્થામાં કાર્યરત શ્રોતા-પ્રેમીઓ પોતપોતાના વ્યવસાયમાં ગળાડૂબ છે છતાં સંગીત પ્રત્યેના સમર્પણને કારણે સાતત્યપૂર્ણ રીતે આ પ્રવૃત્તિમાં ટક્યા છે.

શંકર જયકિશન ફાઉન્ડેશન દ્વારા રજૂ થયેલા કાર્યક્રમોમાં ગુજરાત - ભારતના શ્રેષ્ઠ કલાકારોએ એમની રચનાઓ પ્રસ્તુત કરી છે. શ્રોતાઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે આ સંસ્થાને.

શંકર - જયકિશનના સંગીતમાં રસ ધરાવતા ભારતભરના શ્રોતાઓ-સંસોધકો એકબીજા સાથે નિયમિત રૂપે માહિતીની આપ-લે પણ કરતા રહે છે.

આ અમર સ્વરકારોના ગીતો એ શ્રોતાઓને જે અદ્‌ભૂત આનંદ આપ્યો છે એને માટે શ્રોતાઓ હંમેશા ઋણ સ્વીકાર કરશે આર.કે. ટીમના સર્જક રાજકપૂરને.

રાજકપુર-શૈલેન્દ્ર અને હસરત જયપુરી જેવા સંવેદનશીલ ગીતકારો સાથેની ટીમમાં આ બંને રહ્યા અને યાદગાર ગીતો આપ્યા.

આવારા (૧૯૫૧), નગીના (૧૯૫૧), આહ (૧૯૫૩), પતિતા (૧૯૫૩), શ્રી ૪૨૦ (૧૯૫૫), ચોરી ચોરી (૧૯૫૬), નઈ દિલ્લી (૧૯૫૬), બસંત બહાર (૧૯૫૬), રાજહઠ (૧૯૫૬), યહુદી (૧૯૫૮), અનાડી-ઉજાલા અને કન્હૈયા (૧૯૫૯), જીસ દેશમેં ગંગા બહતી હૈ - દિલ અપના ઔર પ્રીત પરાઈ (૧૯૬૦), જંગલી અને સસુરાલ (૧૯૬૧), આશિક - અસલી નકલી - પ્રોફેસર (૧૯૬૨), સંગમ (૧૯૬૪), આરઝુ-જાનવર (૧૯૬૫), આમ્રપાલી (૧૯૬૬), સૂરજ (૧૯૬૬), તીસરી કસમ (૧૯૬૬), એન ઈવનિંગ ઈન પેટીસ, અરાઉન્ડ ધ વર્લ્ડ અને દિવાના (૧૯૬૭), બ્રહ્મચારી (૧૯૬૮), મેરા નામ જોકર (૧૯૭૦) સુધીની ફિલ્મોના અને એ પછી આવેલી ફિલ્મોના ગીતો સંગીત સંયોજનની એમની વિશેષતાઓને કારણે લોકહૈયા વસી ગયા છે.

મેરા નામ જોકર ફિલ્મનું પાર્શ્વ સંગીત એમણે સ્ટોપ વોચના ઉપયોગ વિના માત્ર પાંચ દિવસમાં તૈયાર કર્યું હતું અને તે પ્રથમ ફિલ્મ હતી જેના બેક ગ્રાઉન્ડ મ્યુઝિકની એલ.પી. રેકર્ડ બહાર પડી હોય.

વાદ્યકારોમાં શ્રેષ્ઠ રીધમિસ્ટ દત્તારામ અને મેલડીમાં એમને સેબેસ્ટીયન ડિસોઝા જેવા સહાયકો મળ્યા જેના પરિણામે એક સંગીતકાર તરીકે પોતાનું સર્વશ્રેષ્ઠ તેઓ આપી શક્યા. વાયોલીન - ગૃપવાયોલીન-એકોર્ડીયન - મેન્ડોલીન - સિતાર - સરોદ - પિયાનો જેવા અનેક વાદ્યોનો ગીતોની તર્જમાં જરૂરિયાતો મુખ્ય અદ્‌ભૂત ઉપયોગ કર્યો.

લોકસંગીત - શાસ્ત્રીય સંગીત અને પશ્ચિમી સંગીત તથા તમામ પ્રકારના વાદ્યોનો અદ્‌ભૂત - વ્યાપક સૂઝ સાથેનો ઉપયોગ એમણે કર્યો - કાઉન્ટર મેલોડી - પ્રીલ્યુડ અને ઈન્ટરલ્યુડ મ્યુઝિકમાં અનેક વિવિધતાઓ લઈ આવ્યા. શ્રોતાઓની કલ્પનાથી આગળ જાય તેવું જાદુઈ સંગીત આપ્યું.

કયાંક ન કયાંક હિન્દી સિને સંગીતના અનેક કલાકારો - સંગીતકારોએ એવું કહ્યું છે - એવું નોંધ્યું છે કે શંકર જયકિશનની વાત બધાથી નોખી છે. શંકર જયકિશનની સંગીતની એક વિશેષતા એ હતી કે બંનેને અનેક વાદ્યો વગાડતાનો અનુભવ હતો અને પરિણામે તેઓ વાદ્યકારોને એક એક પીસ બનાવતા હતા કે અહીં આટલી ક્ષણો માટે આમ પીસ વગાડવો.



શંકર જયકિશનના સંગીતના દીવાના શ્રોતાઓ દેશ-વિદેશમાં છે આજે પણ તેઓ આ સંગીતકારોના ગીતો સાંભળીને સમયને સભર કરે છે, મન-હૃદય અને શરીરની ચેતનામાં આનંદનો અનુભવ કરે છે. શંકર જયકિશન ફાઉન્ડર જેવી સંસ્તાઓ કે અન્ય સંસ્થાઓ જયારે આવા ગીતોના કાર્યક્રમો યોજે છે ત્યારે સમર્પિત શ્રોતાઓના હૃદયમાં સૂરમયી અજવાળા પથરાય છે.

**તેજપૂંજ :**

શંકર-જયકિશનનું સર્વશ્રેષ્ઠ સંગીત મેરા નામ જોકરમાં હતું.

**- રાજકપૂર**